Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 3 • Issue :20• Date : 04-09-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### કોંગ્રેસના મંચ પરથી માતાને અપશબ્દ કહેવામાં આવ્યા તે બાદ પહેલીવખત પીએમ મોદીએ આપ્યો જવાબ

# મારી માતાનું નહીં દેશની માતાઓ, બહેનો, પુત્રીઓનું અપમાન છે



એજન્સી દ્વારા

નવી દિલ્હી

૨૭ ઓગસ્ટના રોજ બિહારના દરભંગામાં રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા દરમિયાન પીએમ મોદીની માતાને અપશબ્દો કહેવામાં આવ્યા હતા. સાતમા દિવસે પીએમ મોદીએ આગળ આવીને આ મામલે જવાબ આપ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું, "થોડા દિવસો પહેલાં બિહારમાં જે બન્યું એની મેં કલ્પના પણ નહોતી કરી. બિહારમાં કોંગ્રેસના મંચ પરથી મારી માતાને અપશબ્દો કહેવામાં આવ્યા હતા. આ ફક્ત મારી માતાનું અપમાન નથી, એ દેશની માતાઓ, બહેનો અને પુત્રીઓનું અપમાન છે."

પીએમ મોદીએ કહ્યું, 'આ ઘટનાનું મારા દિલમાં દુઃખ જેટલું છે એટલું જ દુઃખ બિહારના લોકોનાં દિલમાં પણ છે. હું મારી વ્યથા તમારી સાથે શેર કરી રહ્યો છું, જેથી હું આ દુઃખ સહન કરી શકું.' દિલ્હીથી વર્ચ્યુઅલી બિહારના લોકોને સંબોધન કરતી વખતે મોદીએ આ વાત કહી. તેઓ બિહાર રાજ્ય જીવિકા નિધિ શાખા સહકારી સંઘ લિમિટેડના લોન્ચ કાર્યક્રમમાં જોડાયા હતા.

તેમણે કહ્યું હતું, 'હું એક ગરીબ પરિવારમાંથી છું. હું સમાજ અને દેશની સેવામાં વ્યસ્ત છું. મેં મારા દેશ અને મારા દેશવાસીઓ માટે દરરોજ અને દરેક ક્ષણે સખત મહેનત કરી. મારી માતાના આશીર્વાદે આમાં ખૂબ મોટી ભૂમિકા ભજવી. મને જન્મ આપનારી માતાએ મને મારી જવાબદારીઓમાંથી મુક્ત કર્યો હતો.'

પીએમએ આગળ કહ્યું, 'આજે મને આ વાતનું દુઃખ છે. મારી માતાએ મને દેશની સેવા કરવા મોકલ્યો હતો. દરેક માતા ઈચ્છે છે કે તેનો દીકરો મોટો થાય અને તેના માટે કંઈક કરે. મારી માતાએ આવું વિચાર્યું નહોતું. તેમણે મને તમારા માટે મોકલ્યો છે.'

વરસાદની ઋતુ આવતાંની સાથે જ માતા ઘરનું સમારકામ કરાવતાં, જેથી છત ટપકતી ન રહે. માતા બીમાર હોવા છતાં તેઓ કોઈને ખબર ન પડવા દેતાં. તેઓ કામ કરતાં રહેતાં. તેઓ કામ પર જતાં હતાં.

માતાએ અમને ક્યારેય મુશ્કેલીઓ વિશે જણાવ્યું નહીં. તેમણે ક્યારેય પોતાના માટે નવી સાડી ખરીદી નથી. તેમણે દરેક પૈસો બચાવ્યો, જેથી તે બાળકો માટે સારાં કપડાં લઈ શકે.

માતાનું સ્થાન દેવી-દેવતાઓથી ઉપર માનવામાં આવે છે. આ બિહારના જ સંસ્કાર છે. માતાનું સ્થાન ભગવાન કરતાં પણ પહેલા છે. માતા વિના જીવન શક્ય ન હોઈ શકે.

આ અપશબ્દો કરોડો માતાઓ અને બહેનોને કહેવામાં આવ્યા હતા. રાજવી પરિવારોમાં જન્મેલા આ રાજકુમારો આ પીડા સમજી શકતા નથી. આ પ્રખ્યાત લોકો સોના-ચાંદીની ચમચી લઈને જન્મ્યા હતા.

બિહારના આ લોકો સત્તાને પોતાનો વારસો માને છે. તેમને લાગે છે કે ખુરસી તેમને મળવી જોઈએ. મોટા લોકો એ હકીકતને પચાવી શકતા નથી કે તમે એક ગરીબ માતાના દીકરાને આ માટે સક્ષમ બનાવ્યો.

'ગંદી નાલી કા કીડા, ઝેરી સાપ, બિહારની ચૂંટણીમાં, મને તેઓ 'તુ' (તું) કહીને અપશબ્દો કહે છે. તેમની 'નામદાર' વાળી વિચારસરણી વારંવાર ખુલ્લી પડે છે. આ વિચારસરણીને કારણે મારી માતા, જે હવે રહ્યાં નથી, જેમને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી, તેમને તેઓ મંચ પરથી અપશબ્દો સંભળાવી રહ્યા છે.''આજથી ૨૦ દિવસ પછી નવરાત્રિ શરૂ થશે, ત્યાર બાદ છઠ મૈયાની પૂજા કરવામાં આવશે. છઠ પર્વ ઊજવવામાં આવશે. ભારતની ભૂમિએ ક્યારેય માતાનું અપમાન સહન કર્યું નથી. હું બિહારના લોકોને પણ કહીશ કે આ અપમાનની ભરપાઈ કરવાની જવાબદારી બિહારના દરેક પુત્રની છે. આરજેડી અને કોંગ્રેસના નેતાઓ જ્યાં પણ જાય, ગમે તે શેરીમાં જાય, તેમને ચારે બાજુથી અવાજ આવવો જોઈએ. તેમની પાસેથી જવાબ માગવો જોઈએ. દરેક શેરીમાંથી એક અવાજ આવવો જોઈએ- માઁ કો ગાલી નહીં સહેંગે, નહીં સહેંગે. માઁ કા અપમાન નહીં સહેંગે, નહીં સહેંગે.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને આ સંસ્થાના બેંક ખાતામાં ૧૦૫ કરોડ રૂપિયાની રકમ પણ ટ્રાન્સફર કરી હતી.

# અફઘાનિસ્તાનમાં ભુકંપ : મૃતાંક ૧૪૧૧ને પાર



કાબુલ

અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક ૧૪૧૧ થઈ ગયો છે, જ્યારે ઘાયલોની સંખ્યા ૩૨૫૦ થી વધુ થઈ ગઈ છે. રવિવારે રાત્રે અફઘાનિસ્તાનના જલાલાબાદ નજીક ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ સમયે મોટાભાગના લોકો સૂઈ રહ્યા હતા, જેના કારણે તેઓ ઇમારતોના કાટમાળ નીચે દટાઈ ગયા હતા.૧ સપ્ટેમ્બરના રોજ, અફઘાનિસ્તાનના પૂર્વી ભાગ, ખાસ કરીને નાંગરહાર અને કુનાર પ્રાંતોમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ભારે વિનાશ થયો હતો. હજારો ઘરો તૂટી પડ્યા, ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા અને લાખો લોકો બેઘર થઈ ગયા. રવિવારે રાત્રે ૧૧:૪૭ વાગ્યે (સ્થાનિક સમય) ભૂકંપ અનુભવાયો, જ્યારે મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા, જેના કારણે જાનહાનિની સંખ્યામાં વધુ વધારો થયો. ભૂકંપનું કેન્દ્ર જલાલાબાદથી ૨૭ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં, ફક્ત ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.હંમેશની જેમ, આ વખતે પણ ભારતે આ દુર્ઘટનામાં મદદનો હાથ લંબાવ્યો છે. કાબુલમાં ભારતીય મિશને પહેલા તાત્કાલિક તંબુ અને પછી ખાદ્ય પદાર્થો મોકલ્યા છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે વિશ્વભરમાંથી મદદ માંગી છે. આ પછી, ભારતે મદદ માટે કાબુલમાં ૧ હજાર તંબુ મોકલ્યા છે. ઉપરાંત, કાબુલથી કુનારમાં ૧૫ ટન ખાદ્ય પદાર્થો મોકલવામાં આવ્યા હતા. વિદેશ મંત્રી એસ જયશંકરે ઠ પર લખ્યું હતું કે ભારત ભવિષ્યમાં પણ રાહત સામગ્રી મોકલશે. ૨૦૨૧ માં તાલિબાન સરકારની રચના પછી, આંતરરાષ્ટ્રીય સંગઠનોએ અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાય બંધ કરી દીધી હતી.અફઘાનિસ્તાનમાં ભૂકંપ કંઈ નવું નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રદેશમાં ઘણા મોટા ભૂકંપ આવ્યા છે. ૭ ઓક્ટોબર,૨૦૨૩ ના રોજ, હેરાત પ્રાંતમાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૧,૫૦૦-૪,૦૦૦ લોકો માર્યા ગયા હતા. ૨૦૧૫ માં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ભારે વિનાશ થયો હતો. ૨૦૨૧-૨૦૨૫ ના સમયગાળામાં ૩૦ થી વધુ ભૂકંપ આવ્યા હતા, જેમાં ૨,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. હિન્દુકુશ પ્રદેશની ભૂસ્તરશાસ્ત્રીય સંવેદનશીલતા અને આબોહવા પરિવર્તનને કારણે ભૂસ્ખલનના વધતા જોખમે આ આફતોને વધુ ઘાતક બનાવી છે. અફઘાનિસ્તાનમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ રિક્ટર સ્કેલ પર મધ્યમ શ્રેણીમાં આવે છે, પરંતુ તેનાથી ભારે નુકસાન થયું હતું. આના ઘણા કારણો છે, જે અફઘાનિસ્તાનની ભૂસ્તરશાસ્ત્રીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સાથે સંબંધિત છે.

ભૂસ્તરશાસ્ત્રીય પરિસ્થિતિઓ અને ટેક્ટોનિક પ્રવૃત્તિઓ જોઇએ તો અફઘાનિસ્તાન હિન્દુકુશ પર્વતમાળાની નજીક સ્થિત છે, જે ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના અથડામણ ક્ષેત્રમાં આવે છે. ભારતીય પ્લેટ દર વર્ષે ૩૯ મીમીની ઝડપે યુરેશિયન પ્લેટ તરફ આગળ વધી રહી છે, જેના કારણે આ પ્રદેશમાં વારંવાર ભૂકંપની પ્રવૃત્તિઓ થાય છે. આ ભૂકંપનું કેન્દ્ર માત્ર ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું, જેને છીછરા ભૂકંપ માનવામાં આવે છે. છીછરા ભૂકંપમાં, ઊર્જા સપાટી પર ઝડપથી પહોંચે છે, જેના કારણે વધુ વિનાશ થાય છે. આ ઉપરાંત, હિન્દુકુશ ક્ષેત્રમાં ચમન ફોલ્ટ, હરી રુડ ફોલ્ટ અને પામિર થ્રસ્ટ ફોલ્ટ જેવી સક્રિય ફોલ્ટ લાઇનો હાજર છે.

## તંત્રીની કલમે................

# એ.આઈ.થી રોજગારી સામે પડકાર સર્જાવાની ભીતિ

નીત નવી શોધખોળોએ માનવજીવન સરળ બનાવ્યું છે. સંશોધકો અને વિજ્ઞાનીઓ અવનવી ટેક્નોલોજી શોધવામાં રાત-દિવસ લાગેલા રહે છે. ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષથી મોટાપાયે ટેક્નોલોજીનું પરિવર્તન થઈ રહ્યું છે અને સારી વાત એ છે કે, જન સામાન્યએ તેને ઉત્સાહભેર વધાવી લીધું છે. જમાનો બદલાય એના સાથે કદમ મિલાવવા જરૂરી હોય છે. આજે ચાની નાની રેંકડી, પાણીપુરીના ખુમચા કે ચર્મકાર પણ ડિજિટલ ચૂકવણું સ્વીકારતા થઈ ગયા છે... ને લોકો લેણદેણમાં સહજતાથી તેનો ઉપયોગ કરી રહ્યા છે. આ બદલાવ સાથે એક અપેક્ષા એ રહે છે કે, દુનિયાના સૌથી વિશાળ વસ્તીવાળા દેશમાં રોજગારીની નવી તકોનું નિર્માણ થશે. વાસ્તવિક ચિત્ર જુદું છે. કૃત્રિમ બુદ્ધિમતા (આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ-એઆઈ)નો પ્રસાર ઝડપભેર થઈ રહ્યો છે. મોબાઈલ કે કોમ્પ્યુટર દ્વારા એક કમાન્ડ માત્રથી એક કરતાં વધુ વ્યક્તિનાં કામ થવા લાગ્યાં છે, એને લીધે કંપનીઓ વ્યવસાયકારોની કર્મચારી રાખવાની જરૂરિયાત ઘટવા લાગી છે. તાજેતરમાં દેશની પ્રતિષ્ઠિત મનાતી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) દ્વારા ૧૨ હજારથી વધુ કર્મચારીઓને છૂટા કરવાની જાહેરાત ચોંકવનારી છે. આ આંકડો કંપનીના કર્મચારીઓના કુલ આંકડાના બે ટકા છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (આઈટી) સેક્ટર પર સંકટનાં વાદળ ઘેરાઈ રહ્યાં છે. એ.આઈ. પ્રેરિત ટેક્નોલોજીની માંગ વધી રહી છે. કંપનીઓ માટે ટેકનિકલ કામ લેવું સરળ બન્યું છે, એટલે છટણી શરૂ થઈ છે. ટીસીએસ કહે છે કે, ૧૨ હજાર કર્મચારી ઓછા કરવાનું કારણ કાબેલિયતનો અભાવ છે. વળી કંપની દ્વારા વિકસિત થઈ રહેલા વ્યવસાયિક મોડેલમાં અમુક કર્મચારીની પુનઃનિયુક્તિ અસંભવ જણાતાં આકરું પગલું ભરવું પડયું. કંપનીના સીઈઓએ દાવો કર્યો છે કે, તેની પાછળ એઆઈ પ્રેરિત ઉત્પાદકીય વૃદ્ધિ નથી. જો કે, ટાટા કન્સલ્ટન્સીનું પગલું આઈટી સેક્ટરમાં બીજી કંપનીઓને અનુસરવા પ્રેરિત કરે એવી ભીતિ સેવાઈ રહી છે. નવી શોધ સમયની માંગ છે, પણ તેની કિંમત કર્મચારીઓએ ચૂકવવી પડે એ કેવું ? એક હિન્દી અખબારના અહેવાલ મુજબ ટીસીએસએ એઆઈના વિકાસ અને તેના પ્રશિક્ષણમાં મોટું મૂડીરોકાણ કર્યું છે. એટલું જ નહીં સિનિયર કર્મચારીઓને પણ નોકરીમાં ચાલુ રાખવા સામે જોખમ લટકી રહ્યું છે. ચિંતાનો વિષય એ છે કે, ટેક્નોલોજી સાથે કાર્યપદ્ધતિમાં પરિવર્તન જરૂરી બને છે, મોટી દિગ્ગજ કંપનીઓને પોસાઈ શકે પણ નાની કંપનીઓ કે વ્યવસાયકારોનું શું ? પશ્ચિમી દેશોમાં બેરોજગારીનું પ્રમાણ ઓછું છે, વળી ત્યાં વરીષ્ઠો માટે, નાગરિકો માટે પણ મજબૂત સુરક્ષાછત્ર છે. ખરો પડકાર ભારત જેવા રાષ્ટ્રો માટે છે. અહીં માનવતાની વિપુલતા છે, છતાં ધસમસતા આવી રહેલા બદલાવને રોકી શકવો શક્ય નથી. જરૂર છે તેની સાથે અનુકુલન સાધવાના અને નવી ટેક્નોલોજીના સ્વીકાર માટે સજ્જ બનીને તાલીમ કુશળતા મેળવવાની.



ફિલ્મ અભિનેત્રી સારા અલી ખાન તેની માતા સાથે કાશીના દશાશ્વમેઘ ઘાટ પર પહોંચી હતી અને ભક્તિભાવપૂર્વક મા ગંગાની આરતી અને પૂજા કરી હતી. પૂજા અર્ચના કર્યા બાદ સારા અલી ખાને જણાવ્યું હતું કે, મને આ પવિત્ર સ્થળે આવવું ગમે છે. મને અહીં પરમ્ શાંતિનો અનુભવ થાય છે.

# રાહુલ ગાંધી દેશના મતદારોનું અપમાન કરી રહ્યાં છે : બીજેપી નેતા રવિશંકર પ્રસાદ

એજન્સી દ્વારા

પટણા

ભાજપના નેતા રવિશંકર પ્રસાદે રાહુલ ગાંધી પર મોટો પલટવાર કર્યો છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી મારા લોકસભા વિસ્તારમાં ગયા હતા, તો મારો હક બને છે કે હું તેમની યાત્રા વિશે કંઈક બોલું. ભાજપના નેતાએ કહ્યું કે રાહુલે કહ્યું હતું કે મેં એટમ બોમ્બ ફોડ્યો, હવે હાઈડ્રોજન બોમ્બ ફોડ્યો. પરંતુ કર્ણાટકનો તેમનો એટમ બોમ્બ તો ફસ થઈ ગયો. તે દિવાળીનો ફટાકડો પણ ન નીકળ્યો. પરંતુ મારું કહેવું છે કે એટમ બોમ્બ અને હાઈડ્રોજન બોમ્બનું ચૂંટણી સાથે શું સંબંધ છે. ભાજપના નેતાએ કહ્યું કે હું રાહુલને કહેવા માંગું છું કે તેઓ પોતાને આટલા હળવા કેમ બનાવી



રહ્યા છે. તેઓ વિપક્ષના નેતાના પદ પર બેઠા છે. તેમનું વર્તન ત્યાં બેસીને થોડું તો મર્યાદિત હોવું જોઈએ. પ્રેમની દુકાન લઈને ચાલ્યા હતા, ત્યારે નફરત પીરસતા રહ્યા. પ્રસાદે કહ્યું કે દેશે સમજવું જોઈએ કે રાહુલ ગાંધી એક બેજવાબદાર વ્યક્તિ છે. રવિશંકર પ્રસાદે આગળ કહ્યું કે જીપમાં રાહુલ જ આગળ બેસે છે, બાકી બધા પાછળ બેસે છે. તેજસ્વી યાદવ નંબર બેના ખેલાડી બની ગયા. ૨૦૨૪ની ચૂંટણીમાં તેમણે ખોટું નેરેટિવ ફેલાવ્યું હતું કે ભાજપ આવશે તો બંધારણ બદલી નાખશે. આનો ફાયદો તેમને યુપી અને મહારાષ્ટ્રમાં મળ્યો. ત્યારે અમે કંઈ નથી બોલ્યા. પરંતુ દેશની જનતાએ આ ખોટું તરત જ વિધાનસભા ચૂંટણીમાં શીખવી દીધું.તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર, હરિયાણા, દિલ્હીની ચૂંટણી આનું ઉદાહરણ છે. ભાજપના નેતાએ કહ્યું કે રાહુલ ગાંધી ભારતના મતદાતાઓનું અપમાન કરી રહ્યા છે. દેશના મતદાતાઓને હું અપીલ કરું છું કે આવા લોકોને શીખવું જરૂરી છે. આ ફરી ચૂંટણી હારશે. રવિશંકર પ્રસાદે કહ્યું કે જ્યારે ઈવીએમ નહોતું, ત્યારે બૂથ કૂટ અને બિહારમાં હત્યા તમને યાદ હશે. આજે તે વ્યવસ્થા ખતમ થઈ ગઈ છે. આ માટે ચૂંટણી પંચને આભાર છે. આ લોકો બૂથ કેપ્ચર નથી કરી શકતા, તેનું દર્દ તેમના મનમાં છે. બિહારમાં યાત્રાનો હેતુ એ જ છે કે બૂથ કેપ્ચરને ફરી શરૂ કરો અને ઘૂસણખોરોને વોટ આપવા દો. પ્રસાદે કહ્યું કે ચૂંટણી પંચે જે માહિતી આપી છે, તે મુજબ ૨૧ લાખ મૃત લોકો મળ્યા, ૭ લાખનું બે જગ્યાએ વોટ, ૩૫ લાખ લોકો પોતાની જગ્યાએ નથી મળ્યા. શું મૃત વ્યક્તિઓનું નામ ન કાપવું જોઈએ? જેમનું બે જગ્યાએ વોટ છે, તેમને ન રોકવા જોઈએ? જે લોકો હવે ઉપલબ્ધ નથી, શું તેમનું વોટ કાપવું ખોટું છે? ભાજપના નેતાએ કહ્યું કે લોકતંત્ર લોકલાજથી ચાલે છે અને લોકતંત્રમાં મોટી વાત એ છે કે માતાનું સન્માન કરવું. અત્યાર સુધી ૧૦૭ વખત વડાપ્રધાન મોદીને ગાળો આપવામાં આવી છે. પરંતુ હવે તેમની માતા, જેમણે ગરીબીમાં પરિવારનું ભરણપોષણ કર્યું, તેમને ગાળાગાળી. રાહુલ ગાંધીએ એક વખત પણ નથી કહ્યું કે આ અમારો કાર્યકર્તા નથી.

# જર્મનીના વિદેશ મંત્રી ભારત પ્રવાસે, અમેરિકાની અપીલને નકારી કાઢી

બર્લિન

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફથી આખી દુનિયામાં હડકંપ મચી ગયો છે અને તેનાથી દુનિયાની રાજનીતિ પણ બદલાઈ રહી છે. જૂના મિત્ર નારાજ થઈ રહ્યા છે.તો દુશ્મન મિત્ર બની રહ્યા છે. ભારત પર ડોનાલ્ડ ટ્રમ્પ નારાજ છે.તેમણે ૫૦ ટકા ટેરિફ લગાવી દીધો છે. તેની સાથે જ તેમણે અન્ય દેશોને પણ ભારત પર પ્રતિબંધ લગાવવાની અપીલ કરી છે. પરંતુ હવે જર્મનીના વિદેશ મંત્રી ભારત પ્રવાસ પર આવે તે પહેલાં એક નિવેદન આપીને અમેરિકાને ઝટકો આપ્યો છે. જર્મનીના વિદેશ મંત્રી જોહાન વેડફુલ ભારત પ્રવાસે આવી રહ્યા છે. તે પહેલાં બેંગલુરૂ જશે અને ઈસરોની મુલાકાત લેશે. ત્યાર બાદ નવી દિલ્હી આવશે. અહિંયા તેમની વિદેશ મંત્રી સહિત અનેક નેતાઓ સાથે મુલાકાત થવાની છે.

પોતાની આ અધિકારિક યાત્રા પહેલા તેમણે ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મુખ્ય ભાગીદાર ગણાવ્યું. સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને તેમણે જણાવ્યુ કે, ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક પ્રમુખ ભાગીદાર છે. અમારાં સંબંધ રાજનીતિક, આર્થિક અને સાંસ્કૃતિક રૂપથી ઘનિષ્ઠ છે. અમારી રાણનીતિક ભાગીદારીના વિસ્તરણની વધારે સંભાવના છે, જેમાં સુરક્ષા સહયોગછી લઈને નવી ટેકનિક અને પ્રોદ્યોગિકી તથા કુશળ શ્રમિકોની ભરતી પણ સામેલ છે. દુનિયાના સૌથી વધુ આબાદી વાળા દેશ અને સૌથી મોટા લોકતંત્રના રૂપમાં ભારતનો અવાજ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની બહાર પણ સંભળાય છે.તેમણે આગળ લખ્યુ કે, ભારત આપણી સદીની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આકાર આપવામાં ભારત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. લોકતંત્ર હોવાને કારણે, અમે સ્વાભાવિક રીતે ભાગીદાર છીએ. મહત્વપૂર્ણ ભૂ-રાજકીય પડકારોનો સામનો કરીને, આપણે નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને જાળવી રાખવા માટે સાથે મળીને કામ કરવા માંગીએ છીએ અને કરવું જ જોઈએ.




# કોંગ્રેસના કારણે બીજેપી દિલ્હી વિધાનસભા ચૂંટણી જીતી : સૌરભ ભારદ્વાજ

*એજન્સી દ્વારા*

*નવી દિલ્હી*

*આમ આદમી પાર્ટીના દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સૌરભ ભારદ્વાજે કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું છે. પત્રકારો સાથે વાતચીત કરતાં સૌરભ ભારદ્વાજે કહ્યું કે ૨૦૨૫ની દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી પોતે જીતવા માટે નહીં, પરંતુ ભારતીય જનતા પાર્ટીને જીતાડવા માટે મેદાનમાં ઉતરી હતી. તેમણે કહ્યું કે સામાન્ય રીતે કોઈપણ ચૂંટણી દરમિયાન એવી અટકળો લગાવવામાં આવે છે કે કઈ પાર્ટી કઈ પાર્ટીને જીતાડવા માટે કામ કરી રહી છે અને કઈ પાર્ટીને હરાવવા માટે કામ કરી રહી છે, આ ચૂંટણી દરમિયાન જ સ્પષ્ટ થઈ ગયું હતું કે કોંગ્રેસનું વલણ શું છે.*

*આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે કોંગ્રેસના સમર્થકોમાં ઘણા સારા અને બુદ્ધિજીવી લોકો પણ સામેલ છે, જ્યારે પણ એવું કહેવામાં આવે છે કે કોંગ્રેસ પોતે જીતવા માટે ચૂંટણી લડી ન હતી, તો તેમના સમર્થકોમાં એક પ્રકારની ચીડ સર્જાય છે. તેઓ આ વાતને સ્વીકારી શકતા નથી. સૌરભ ભારદ્વાજે કહ્યું કે કદાચ રાજકીય ઈતિહાસમાં પ્રથમ વખત આ સાબિત થશે કે ૨૦૨૫ની દિલ્હીની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની દિલ્હી એકમ અને દિલ્હી એકમના પદાધિકારીઓએ ભારતીય જનતા પાર્ટીને ચૂંટણી જીતાડવા માટે કેવી રીતે કામ કર્યું.સૌરભ ભારદ્વાજે કોંગ્રેસના દિલ્હી પ્રદેશ અધ્યક્ષ દેવેન્દ્ર યાદવના તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂનો ઉલ્લેખ કર્યો. અને કહ્યું કે આ ઈન્ટરવ્યૂમાં સ્પષ્ટ દેખાઈ શકે છે, કે દેવેન્દ્ર યાદવ કેવી રીતે નિશ્ચિંતપણે જણાવી રહ્યા છે કે આ વખતે કોંગ્રેસ પાર્ટીએ દિલ્હીમાં નક્કી કર્યું હતું કે ભલે ભારતીય જનતા પાર્ટી જીતે, પરંતુ આમ આદમી પાર્ટી જીતવી ન જોઈએ. તેમણે કહ્યું કે કોંગ્રેસે આ નિર્ણય આકસ્મિક રીતે નથી લીધો.સૌરભ ભારદ્વાજે કહ્યું કે આ સમગ્ર પ્રકરણમાં મોટો પ્રશ્ન એ છે કે કોંગ્રેસની દિલ્હી એકમે રાહુલ ગાંધીજીને, ખડગે જીને આ વાત માટે કેવી રીતે સમજાવ્યા? સૌરભ ભારદ્વાજે કહ્યું કે એવું તો ઘણી વખત બને છે કે કોઈ પાર્ટીની રાજ્ય એકમ આ પ્રકારનું કામ કરી લે છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે, કે આ મામલે કોંગ્રેસની દિલ્હી એકમે રાહુલ ગાંધીજી, ખડગે જી કે અન્ય મોટા નેતાઓ સાથે વાતચીત કરી અને ઉચ્ચ નેતૃત્વ તરફથી પણ દિલ્હી એકમને આ વાતની ખુલ્લી છૂટ આપવામાં આવી કે ગમે તે કરવું પડે, આમ આદમી પાર્ટીને દિલ્હીમાં જીતવા દેવી નથી. સૌરભ ભારદ્વાજે કહ્યું કે દેવેન્દ્ર યાદવ પોતાના નિવેદનમાં જણાવી રહ્યા છે કે કેવી રીતે આમ આદમી પાર્ટીના એક-એક નેતાને નિશાન બનાવવામાં આવ્યા અને તેમની સામે રણનીતિઓ બનાવવામાં આવી કે કેવી રીતે તેમને હરાવવા.*

## ગુજરાતમાં માનવ બલિનો કિસ્સો

# યુવકે સંતાનપ્રાપ્તિ માટે ૫ વર્ષની બાળકીના હાથ-પગ બાંધીને નદીમાં ફેંકી

આણંદ

ગુજરાતમાં ફરી એકવાર માનવ બલિની ઘટના બની છે .આણંદના નવાલખ ગામના યુવકે ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને તાંત્રિકવિધી કર્યા બાદ નદીમાં ફેંકી દીધાની ચોંકાવનારી ઘટના બની છે. પોલીસે યુવકની અટકાયત કરી છે. હાલ ફાયર બ્રિગેટનીની મદદથી સિંઘરોટ નદીમાં બાળકીની શોધખોળ હાથ ધરાઈ છે.

આણંદના નવાખલ ગામનો ૬ વર્ષની બાળકીની તાંત્રિક વિધિ બાદ મીની નદીમાં ફેંકી દેવાઈ હોવાનો આરોપ ઉઠ્યો છે .નવાખલ ગામના યુવકે બાળકીનું અપહરણ કરી સિંઘરોટ પાસે તાંત્રિક વિધિ કરી હતી. તાંત્રિક વિધિ બાદ યુવકે બાળકીને સિંઘરોટ પાસે મીની નદીમાં ફેંકી દેવાઈ. આંકલાવ પોલીસે યુવકની અટકાયત કરી છે. યુવકને લઈને પોલીસે સિંઘરોટ પાસે નદીમાં બાળકીની શોધખોળ હાથ ધરાઈ છે. ફાયર બ્રિગેડની મદદથી પોલીસ તપાસ હાથ ધરાઈ છે.

તપાસમાં સામે આવ્યું કે, નવાખલ ગામની તુલસી સોલંકી ગતરોજ સાંજે મંદિરે રમવા જવાનું કહી ઘરેથી નીકળી હતી, પરંતુ ઘેર પાછી ન ફરતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. ત્યારબાદ પરિવારે પોલીસને જાણ કરી હતી. જેના બાદ માનવ બલિનો કિસ્સો ખૂલ્યો. બાળકીને કાકાના મિત્રે ભુવાના કહેવાથી બલિ ચડાવી હતી અને સિંઘરોટ નદીમાં ફેંકી દીધી હતી.

તપાસ દરમિયાન તુલસીના કાકાના મિત્ર અજય પઢિયાર શંકાની સોય ગઈ હતી. પોલીસે તેને અટકાયત કરી સઘન પૂછપરછ કરતાં અજય પઢિયાર ભાંગી પડ્યો હતો અને કબુલાત કરી કે, તે તાંત્રિક વિધિ માટે ભુવા પાસે ગયો હતો. સંતાન પ્રાપ્તિ માટે ભુવાએ તાંત્રિક વિધિ માટે બાળકીની બલિ આપવા કહ્યું હતું.

આંકલાવમાં ૬ વર્ષની બાળકીને નદીમાં ફેંકવાનો મામલો ચોંકાવી દે તેવો છે. અજય પઢિયાર નામના શખ્સે પુત્ર જન્મની મહેચ્છામાં તાંત્રિક વિધિ કરી હોવાની શંકા છે. નવાખલ ગામનો અજય પઢિયાર નામનો યુવક તુલસી નામની બાળકીને બાઈક પર બેસાડી લઈ ગયો હતો. બાળકીને મકાઈ ખવડાવવાના બહાને લઈ ગયો હતો. અજય પઢિયારે પાંચ વર્ષની તુલસી નામની બાળકીના હાથ પગ અને મોઢું બાંધી બાળકીને નદીમાં ફેંકી હોવાની કબૂલાત કરી છે. બાળકીને નદીમાં ઉંધી લટકાવી ફેંકી હોવાનું યુવકે કબૂલ્યું છે.

હાલ સિંઘરોટ પાસે મીની નદીમાં પોલીસની તપાસ ચાલુ છે. ગઈકાલે મોડી સાંજ સુધી નદીમાં શોધખોળ કરવા છંતા બાળકી ન મળી આવી.

SDRF અને સ્થાનિક તરવૈયાઓને શોધખોળ હાથ ધરી હતી. આ સાથે જ પોલીસે આંકલાવ પંથકના ચાર ભૂવાને ઉઠાવ્યા પૂછપરછ હાથ ધરી છે.

# વર્કશોપ, મંત્રીઓ-સાંસદોની ફરજ... ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે NDA એ કમર કસી

*નવી દિલ્હી*

*ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં પોતાના ૧૦૦ ટકા મતદાન માટે એનડીએએ કમર કસી લીધી છે. એનડીએ પોતાના તમામ ૪૨૫ સાંસદોની શત ટકા હાજરી સુનિશ્ચિત કરશે. આ માટે કેન્દ્રીય મંત્રીઓ અને સાંસદોની ફરજ નિયુક્ત કરવામાં આવી છે. દરેક રાજ્યમાં એક મંત્રી અને એક સાંસદની નિમણૂક કરવામાં આવશે. તેઓ એ સુનિશ્ચિત કરશે કે તે રાજ્યના એનડીએના તમામ લોકસભા અને રાજ્યસભા સાંસદો ૯ સપ્ટેમ્બરે દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં મતદાન કરે. ઉદાહરણ તરીકે, ઉત્તર પ્રદેશમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ અને રાજ્યસભા સાંસદ લક્ષ્મીકાંત વાજપેયીની ફરજ નિયુક્ત કરવામાં આવી છે. તેવી જ રીતે, બિહારમાં કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાય અને લોકસભા સાંસદ સંજય જય બિહારના ભાજપ સાંસદોની હાજરી સુનિશ્ચિત કરશે, જ્યારે ચિરાગ પાસવાન અને સંજય ઝા એલજેપી અને જેડીયુના સાંસદોનું ૧૦૦ ટકા મતદાન સુનિશ્ચિત કરશે. મતદાનમાં સાંસદો પાસેથી કોઈ ભૂલ ન થાય તે માટે ૬ સપ્ટેમ્બરથી ૮ સપ્ટેમ્બર સુધી*



*તમામ એનડીએ સાંસદો માટે વર્કશોપનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ સપ્ટેમ્બરે એનડીએના તમામ સાંસદોને ડિનર પણ આપશે. આ ઉપરાંત, ૮ સપ્ટેમ્બરે દિલ્હીમાં અનેક સંસદીય સમિતિઓની બેઠકો રાખવામાં આવી છે જેથી સંબંધિત સાંસદો હાજર રહે. નોંધનીય છે કે સંસદીય સમિતિઓની બેઠકો માટે સાંસદોને ટીએ-ડીએ અને હવાઈ ભાડું પણ મળે છે. વર્કશોપમાં સાંસદોને મતદાનની તાલીમ આપવામાં આવશે.ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ગુપ્ત મતદાન થાય છે અને વ્હીપ લાગુ નથી. આવી સ્થિતિમાં ક્રોસ વોટિંગનો ખતરો રહે છે. એનડીએ એ સુનિશ્ચિત કરવા માગે છે કે તેના તમામ સાંસદોનું ચોક્કસ મતદાન થાય અને એક પણ મત રદ ન થાય. આ માટે સાંસદોને તાલીમમાં જણાવવામાં આવશે કે તેમણે પોતાની પેન લઈ જવી નથી. ચૂંટણી અધિકારી જે પેન આપે, તેનાથી જ મતપત્ર પર પોતાની પસંદગી લખવાની છે.આ ઉપરાંત, મતપત્રને કેવી રીતે ફોલ્ડ કરવું જેથી શાહી ઈધર-ઉધર ન લાગે અને મત રદ ન થાય. એનડીએનો પ્રયાસ છે કે તેના ઉમેદવાર સી. પી. રાધાકૃષ્ણનની મોટા માર્જિનથી જીત થાય. હાલમાં એનડીએ પાસે જીત માટે જરૂરી ૩૯૧ મતો કરતાં ૩૪ વધુ એટલે કે ૪૨૫ મતો છે. વાયએસઆરસીપીએ એનડીએને સમર્થન આપવાની જાહેરાત કરી છે. તેની પાસે લોકસભામાં ચાર અને રાજ્યસભામાં સાત સાંસદો છે. તેવી જ રીતે, એનડીએને બીજેડી અને બીઆરએસના સમર્થનનો પણ ભરોસો છે. બીજેડી પાસે રાજ્યસભામાં સાત સાંસદો છે. જોકે, પીએમ મોદીએ નવીન પટનાયકને ફોન કર્યો હતો, પરંતુ બીજેડીનું કહેવું છે કે અંતિમ સમયે નિર્ણય લેવામાં આવશે. બીઆરએસ પાસે રાજ્યસભામાં ચાર સાંસદો છે.ઈન્ડિયા ગઠબંધને તેલુગુ ઉમેદવારના નામ પર બીઆરએસ પાસેથી સમર્થન માંગ્યું છે.આજની સ્થિતિમાં એનડીએ પાસે લગભગ ૫૫% મતો છે. તેનો પ્રયાસ આ આંકડો ૬૦%થી વધુ લઈ જવાનો છે.*

*ગયા રાજ્યસભા ચૂંટણીમાં એનડીએ ઉમેદવાર જગદીપ ધનખડને ૫૨૮ મતો મળ્યા હતા અને તેમણે વિપક્ષના ઉમેદવાર માર્ગારેટ આલ્વાને ૩૪૬ મતોથી હરાવ્યા હતા. ધનખડને લગભગ ૭૪.૪ ટકા મતો મળ્યા હતા, જે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીઓના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી જીતોમાંની એક છે. જોકે, એનડીએ માટે આ પ્રદર્શનનું પુનરાવર્તન કરવું મુશ્કેલ હશે કારણ કે આ વખતે વિપક્ષની સ્થિતિ અગાઉની સરખામણીમાં સારી છે.*



*કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત અમદાવાદના ઘાટલોડિયા વોર્ડમાં 'આયુષ્માન વન'માં વૃક્ષારોપણ કર્યું. વૃક્ષો પર્યાવરણ અને વાતાવરણ શુદ્ધિ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે.*

# ૪થી ૭ સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકશે

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર,તા.૦૨

ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય હવામાન વિભાગના અધિકારી દ્વારા ગુજરાતમાં આગામી સપ્તાહ દરમિયાન વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. હવામાન વિભાગના દ્વારા આગામી સપ્તાહ દરમિયાન રાજ્યના કેટલાંક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ તથા આગામી ૪ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૧૧ જળાશયો હાઈએલર્ટ, ૨૭ જળાશયો એલર્ટ તથા ૦૯ જળાશયો વોર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં **NDRF** અને **SDRF**ના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન ઉપસ્થિત થતી કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા **NDRF**ની કુલ ૧૨ ટીમ અને **SDRF**ની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત **NDRF**ની એક ટીમ રીઝર્વ પણ રાખવામાં આવી છે. રીજિયન પ્રમાણે જોવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં ૫૫ ઈંચ સાથે સિઝનનો સૌથી વધુ સરેરાશ ૯૪ ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ પૂર્વ મધ્ય ગુજરાતમાં ૨૮ ઈંચ, ઉત્તર ગુજરાતમાં ૨૭ ઈંચ, સૌરાષ્ટ્રમાં ૨૫ ઈંચ અને કચ્છમાં ૧૬ ઈંચ વરસાદ વરસ્યો છે. મોટાભાગના રીજિયનમાં સરેરાશ કરતાં ૮૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.જિલ્લા પ્રમાણે વલસાડમાં સૌથી વધુ ૮૪ ઈંચ, ડાંગમાં ૭૨ ઈંચ અને નવસારીમાં ૬૬ ઈંચ વરસાદનો સમાવેશ થાય છે.

### અમદાવાદની દરિયાપુર પોલીસે તપાસ આદરી

# ઓનલાઈન ટાસ્ક પૂરા કરી પૈસા મેળવવાના ચક્કરમાં યુવતીને ૩.૧૪ લાખ ગુમાવવા પડ્યા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

અમદાવાદ શહેરના દરિયાપુર વિસ્તારમાં રહેતી યુવતીએ ઓનલાઈન ટાસ્ક પૂરા કરી પૈસા મેળવવાના ચક્કરમાં ૩.૧૪ લાખ ગુમાવવા પડ્યા છે. આ મામલે દરિયાપુર પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી છે. નોંધનીય છે કે, ગઠિયાએ પહેલાં તો ટાસ્ક પૂરા કરતાની સાથે ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કર્યા હતા પરંતુ ત્યારબાદ પૈસા ઉપાડવા માટે પૈસા ભરાવી ઠગાઈ આચરી હતી. દરિયાપુરમાં ૩૮ વર્ષિય હિરલ પતિ સહિત પરિવાર સાથે રહે છે. હિરલ બેંક ઓફ બરોડા તથા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં એકાઉન્ટ ધરાવે છે. બન્ને ખાતામાં તે ગુગલ પે વાપરે છે. ૧૩ જુલાઈએ હિરલને ટેલિગ્રામ એપ પર એચબીટીઆર નામના ગ્રૂપ પરથી મેસેજ આવ્યો હતો. જેમાં ક્લીક કરતા તે ગ્રૂપમાં એડ થઈ ગઈ હતી. ગ્રૂપમાં હોટલના ફોટો અને લીંક મૂકવામાં આવી હતી. ઉપરાંત કહેવામાં આવ્યું હતું કે, હોટલની સર્વિસ તથા ભોજન કેવું છે તે બાબતે લીંક ખોલી રિવ્યૂ આપવાથી પૈસા મળશે. જે પાંચ ટાસ્ક પૂરા કરશે તેને કમિશન પેટે ૨૦૦ રૂપિયા મળશે. પાંચ ટાસ્ક બાદ છઠ્ઠા ટાસ્ક પૂરા કરવા માટે એક યુપીઆઈ આઈડીમાં ૧૦૧૦ રૂપિયા ટ્રાન્સફર કરવા પડશે અને ત્યારબાદ ટાસ્ક પૂરા કરતા ૧૫૧૩ રૂપિયા પરત આપવામાં આવશે. જેથી હિરલે ટાસ્ક પૂરા કરવા માટે હા પાડી હતી અને ત્યારબાદ તેણે પોતાની બેંક સહિતની ડિટેઈલ સામેવાળી વ્યક્તિને મોકલી આપી હતી. પહેલાં તેણે પાંચ ટાસ્ક પૂરા કરતા પૈસા આવી ગયા હતા. જેથી તેણે છઠ્ઠા ટાસ્ક માટે ૧૦૧૦ રૂપિયા ગુગલ પેથી ટ્રાન્સફર કરી દીધા હતા. તે ટાસ્ક પૂરો કરતા જ ૧૫૧૩ રૂપિયા તેના ખાતામાં આવી ગયા હતા. આમ કરતા કરતા તેણે ૧૭ ટાસ્ક પૂરા કર્યા હતા અને પૈસા આવી ગયા હતા. જેથી તેણે વિશ્વાસ આવ્યો હતો. ૧૮માં ટાસ્કમાં ૭૧૦૦ રૂપિયા ભર્યા હતા. ત્યારબાદ તે પૈસા પરત લેવા માટે લીંક આવી હતી. જેમાં ક્લીક કરતા પૈસા ભીઝ થઈ ગયા હોવાનો મેસેજ આવ્યો હતો અને પૈસા પરત જોઈતા હોય તો ૩૩૯૬૦ રૂપિયા ભરવા પડશે ત્યારબાદ તમામ પૈસા પરત મળશે. આમ ધીરે ધીરે સામેવાળી વ્યક્તિએ હિરલના ખાતાના ૧.૮૯ લાખ મેળવી લીધા હતા. ત્યારબાદ પૈસા પરત આપવાનો વિશ્વાસ આપી બીજા પૈસા માગતા તેણે પતિના ખાતામાંથી પણ પૈસા ટ્રાન્સફર કરવાની શરૂઆત કરી હતી. ઉપરાંત પૈસા પરત મેળવવા લીંક પણ મોકલવામાં આવતી પરંતુ પૈસા વિડ્રો થતા ન હતા. આમ કરતા કરતા તેણે ૩.૧૪ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારે સામેવાળાએ કહ્યું હતું કે, હવે બીજા ૩.૧૪ લાખ રૂપિયા ભરશો તો ૯.૬૫ લાખ પરત મળશે. જો કે, હિરલ પાસે પૈસા ન હોવાથી તેણે આ અંગે સગાને જાણ કરી હતી. ત્યારબાદ તેણે ઠગાયાનો અહેસાસ થતા ઓનલાઈન ફરિયાદ કરી હતી. આ મામલે દરિયાપુર પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી છે.

# ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ બદલાવાનો પ્રશ્ન ઠેરનો ઠેર

ગાંધીનગર

કમુરતા બાદ હવે શ્રાદ્ધ પક્ષ પણ આવી ગયો, પણ ભાજપનો પ્રશ્ન ઠેરનો ઠેર છે. ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ બદલાવાનો પ્રશ્ન ઠેરનો ઠેર છે. મંત્રીમંડળ અને ભાજપ પ્રદેશ પ્રમુખ બદલાવાની વાત હવે લટકતું ગાજર જેવી બની છે. સરકારને પણ માત્ર તેની ચર્ચા થાય અને થતી રહે તેમાં વધુ રસ હોય તેવું લાગી રહ્યું છે. આવામાં હવે નવું આવ્યું છે. પાર્ટી શ્રાદ્ધ પક્ષ પહેલાં ઘણા સમયથી ઠેલાતો પ્રશ્ન ઉકેલવા માંગે છે અને ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત આ સપ્તાહમાં થવાની શક્યતાની વાત વહેતી થઈ છે. શ્રાદ્ધ પક્ષના ૧૬ દિવસ બાદ રાજ્ય મંત્રીમંડળમાં ફેરફારનો મામલો હાથ ધરાશે તેવી અફવા શરૂ થઈ છે.

આ મહિને શ્રાદ્ધ પક્ષ આવી રહ્યું છે. જેમાં શુભ કાર્યો થતા નથી. તેથી સપ્ટેમ્બરના પહેલા જ સપ્તાહમાં હાઈકમાન્ડ દ્વારા ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત કરી દેવામાં આવશે. સાથે જ નવા મંત્રીમંડળની પણ ચર્ચા થઈ રહી છે. ભાજપમાં ફરી કાનાફૂસી શરૂ થઈ ગઈ છે કે, ૮ સપ્ટેમ્બરથી ત્રણ દિવસનું ટૂંકું વિધાનસભાસત્ર શરૂ થાય એ પહેલાં ૩૧મી ઓગસ્ટ સુધીમાં નવા પ્રદેશ પ્રમુખ જાહેર થવાની હવા જોરશોરથી હતી, પરંતુ એ જાહેરાત હવે સપ્તાહ ઉપર ગઈ છે.

ભાજપ હવે નામોની પસંદગીમાં સરપ્રાઈઝ આપવા ટેવાયેલી છે. ત્યારે કોણ આવે તે કહેવું મુશ્કેલ છે. પરંતું ભાજપના નવા પ્રમુખ ઓબીસી સમાજના અને તે પણ સૌરાષ્ટ્રમાંથી આવે તેવી શક્યતા વધુ દેખાઈ રહી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે એકાએક ધારાસભ્યો અને પદાધિકારીઓની બેઠકમાં મંત્રીમંડળના વિસ્તરણના સંકેત આપી અનેકની ઊંઘ હરામ કરી. વર્તમાન મંત્રીમંડળમાં કેટલાક સભ્યોને પોતાનું પદ જતું રહેવાની બીકથી ઊંઘ ઊડી ગઈ છે, તો અનેક ધારાસભ્યોને મંત્રી પદ દેખાવા લાગ્યું. એટલે મંત્રીપદ મળશે કે નહીં એ વિચારોને કારણે રાતની ઊંઘ હરામ થઈ. પ્રદેશ પ્રમુખ પદ અને મંત્રીમંડળનું વિસ્તરણ આ બે મુદ્દા છેલ્લા એક વર્ષથી ચર્ચાનો વિષય બન્યો છે. જ્યારે જ્યારે પણ ચર્ચા નથી થતી, ત્યારે એકાએક પાર્ટીના મોટા નેતા કોઈને કોઈ પ્રકારે સંકેત આપે છે એટલે ફરી પાછી ચર્ચા જોર પકડે છે. હવે સીઆર પાટીલના આ વખતના સંકેત બાદ મંત્રીમંડળના સભ્યો અને ભાજપના કાર્યકર્તાઓ પોતાની સ્થિતિ ટેબલ ટેનિસના દડા જેવી દેખાવા લાગી. એક તરફ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ છે, તો બીજી તરફ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ.

આ બંને રાજકીય મેદાનમાં પહેલા પ્રદેશ પ્રમુખ કે પહેલા મંત્રીમંડળનો બોલ એકબીજાના કોર્ટમાં નાંખે છે. થતું કશું નથી, પણ ભાજપના નેતાઓની સ્થિતિ લટકતા ગાજરને દૂરથી જ જોયા કરીએ તે પ્રકારની થઈ રહી છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL